દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૩ વર્ષ
રવિવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૬

# દરેક આંદોલનકારીઓને સરકાર વિરોધી માની લેવા કોઈ કાળે યોગ્ય નથી

લોકશાહી માત્ર મતદાન કરવાની વ્યવસ્થા નથી, પરંતુ લોકો પોતાના વિચારો, પ્રશ્નો, અસંતોષ અને માંગણીઓ વ્યક્ત કરી શકે તેવી જીવંત વ્યવસ્થા છે. સરકાર લોકો માટે કામ કરે છે અને લોકો સરકાર પાસેથી જવાબદારી, પારદર્શિતા તથા ન્યાયની અપેક્ષા રાખે છે. જ્યારે કોઈ નીતિ, નિર્ણય કે વ્યવસ્થાથી સામાન્ય નાગરિકોને મુશ્કેલી પડે છે ત્યારે તેઓ પોતાની વાત સરકાર સુધી પહોંચાડવા માટે આંદોલનનો માર્ગ અપનાવે છે. તેથી માત્ર આંદોલન કરનાર વ્યક્તિને "સરકાર વિરોધી" ગણવી યોગ્ય નથી. ઘણી વખત આંદોલનકારીઓ સરકારનો વિરોધ નહીં, પરંતુ કોઈ ચોક્કસ નિર્ણય કે નીતિમાં સુધારાની માંગ કરી રહ્યા હોય છે.

આંદોલન લોકશાહીનું એક મહત્વપૂર્ણ સાધન છે. લોકશાહીમાં સત્તા લોકો પાસેથી આવે છે અને સરકાર લોકોની સેવા માટે રચાય છે. જો કોઈ નીતિથી નાગરિકોના હિતને નુકસાન થતું હોય, અધિકારો પર અસર પડતી હોય અથવા કોઈ સમસ્યાનું નિરાકરણ લાંબા સમય સુધી ન આવતું હોય તો લોકો શાંતિપૂર્ણ રીતે પોતાની માંગ રજૂ કરી શકે છે. આંદોલન દ્વારા લોકો સરકારને યાદ અપાવે છે કે તેમની સમસ્યાઓ પર ધ્યાન આપવું જરૂરી છે.

સરકાર અને સરકારની કોઈ ચોક્કસ નીતિ વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જરૂરી છે. કોઈ નાગરિક સરકારની દરેક બાબતનો વિરોધ કરતો નથી. તે સરકારના સારા કાર્યોને સમર્થન આપી શકે છે અને સાથે સાથે કોઈ નિર્ણયની ટીકા પણ કરી શકે છે. જેમ કોઈ વિદ્યાર્થી પોતાના શિક્ષકનો આદર કરતો હોવા છતાં શિક્ષણ પદ્ધતિમાં સુધારાની માંગ કરી શકે છે, તેમ નાગરિક સરકારનું સન્માન જાળવીને પણ નીતિ સામે પ્રશ્ન ઉઠાવી શકે છે. આ વિરોધ લોકશાહી પ્રક્રિયાનો જ ભાગ છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ પણ આંદોલનોની શક્તિ દર્શાવે છે. મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અસહકાર આંદોલન, દાંડી કૂચ અને ભારત છોડો આંદોલન જેવા અનેક આંદોલનો થયા હતા. તે સમયે આંદોલનકારીઓનો હેતુ કોઈ વ્યક્તિ પ્રત્યે વ્યક્તિગત દ્વેષ રાખવાનો નહોતો, પરંતુ અન્યાયી વ્યવસ્થા સામે અવાજ ઉઠાવવાનો હતો. આંદોલનો દ્વારા જનજાગૃતિ ઊભી થઈ અને અંતે દેશની રાજકીય દિશામાં મોટો પરિવર્તન આવ્યો.

આજના સમયમાં પણ ખેડૂતો, મજૂરો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, મહિલાઓ, પર્યાવરણપ્રેમીઓ અને વિવિધ સામાજિક સંગઠનો પોતાની માંગણીઓ માટે આંદોલન કરે છે. કોઈ ખેડૂતને પાકના યોગ્ય ભાવની માંગ હોય, કોઈ કર્મચારીને નોકરી સંબંધિત પ્રશ્ન હોય, કોઈ વિદ્યાર્થીને શિક્ષણની સુવિધાઓ અંગે ફરિયાદ હોય અથવા કોઈ સ્થાનિક સમુદાયને જમીન અને પર્યાવરણ અંગે ચિંતા હોય–તેઓ પોતાની વાત સરકાર સુધી પહોંચાડવા માટે લોકશાહી પદ્ધતિ અપનાવી શકે છે. આવા આંદોલનોનો મુખ્ય ઉદ્દેશ ઘણી વખત વ્યવસ્થામાં સુધારો લાવવાનો હોય છે.

આંદોલનકારીઓને સરકાર વિરોધી ગણવાથી સમાજમાં અનાવશ્યક વિભાજન ઊભું થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ પ્રશ્ન પૂછે તો તેને દેશદ્રોહી કે સરકાર વિરોધી ગણવું લોકશાહી માટે યોગ્ય નથી. પ્રશ્ન પૂછવો નાગરિકનો અધિકાર છે. સરકારની નીતિની ટીકા કરવી અને દેશનો વિરોધ કરવો–બંને સંપૂર્ણપણે અલગ બાબતો છે. દેશ અને સરકાર એક જ વસ્તુ નથી. સરકાર બદલાતી રહે છે, પરંતુ દેશ અને તેની લોકશાહી વ્યવસ્થા કાયમી હોય છે.

સ્વસ્થ લોકશાહીમાં સત્તાધીશો ટીકા સાંભળવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. આંદોલનકારીઓની માંગણીઓમાં યોગ્યતા હોય તો સરકારએ તેમને ગંભીરતાથી સાંભળવી જોઈએ અને જરૂરી હોય ત્યાં નીતિમાં સુધારો કરવો જોઈએ. બીજી તરફ, આંદોલનકારીઓએ પણ પોતાની વાત શાંતિપૂર્ણ અને બંધારણીય રીતે રજૂ કરવી જોઈએ. જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું, હિંસા કરવી, સામાન્ય લોકો માટે મુશ્કેલી ઊભી કરવી અથવા કાયદો હાથમાં લેવો યોગ્ય નથી. લોકશાહી આંદોલનની સૌથી મોટી શક્તિ તેની શાંતિપૂર્ણતા અને નૈતિકતા છે. મીડિયા અને સોશિયલ મીડિયાની ભૂમિકા પણ અહીં મહત્વપૂર્ણ બને છે. ઘણી વખત આંદોલન અંગે અધૂરી માહિતી અથવા એકતરફી પ્રચારને કારણે લોકોમાં ગેરસમજ ઊભી થાય છે. કોઈ પણ આંદોલન વિશે અભિપ્રાય બનાવતા પહેલાં તેની માંગણીઓ, કારણો અને પરિસ્થિતિ સમજવી જરૂરી છે. આંદોલનકારીઓની ટીકા કરી શકાય, પરંતુ તેમની વાત સાંભળ્યા વિના તેમને "સરકાર વિરોધી"નું લેબલ લગાવવું યોગ્ય નથી.

સરકાર માટે પણ આંદોલન એક પ્રકારનો પ્રતિસાદ છે. લોકશાહી વ્યવસ્થામાં માત્ર ચૂંટણીના સમયે જ લોકોની વાત સાંભળવી પૂરતી નથી. સરકારને સતત જનતાના પ્રશ્નો અને સૂચનો સાંભળવા જોઈએ. આંદોલન દ્વારા જ્યારે મોટી સંખ્યામાં લોકો કોઈ મુદ્દો ઉઠાવે છે ત્યારે તે સરકાર માટે સમાજની નાડી સમજવાનું એક માધ્યમ બની શકે છે. યોગ્ય રીતે જોવામાં આવે તો આંદોલન સરકારને વધુ જવાબદાર અને સંવેદનશીલ બનાવવામાં મદદ કરી શકે છે.

## શિસ્તનું મહત્વ

એક દિવસ એક નવા શિષ્યે ગુરુ ચાણક્ય પાસે આવીને નમન કરતાં કહ્યું, ''ગુરુજી, મનમાં એક પ્રશ્ન સતાવે છે. આપ આજ્ઞા આપો તો પૂછું?'' ચાણક્યે કહ્યું, ''બોલ વત્સ, મનમાં જે પ્રશ્ન સતાવે તે પૂછવો જ જોઈએ.''

શિષ્યે પૂછ્યું, ''ગુરુજી, બધાને જીવનમાં સફળ થવું હોય છે. મારે પણ જીવનમાં સફળતા મેળવવી છે એટલે મારે જાણવું છે કે સફળતા મેળવવા માટેનો સૌથી મજબૂત આધાર શું છે,જેના દ્વારા સફળતા ચોક્કસ મળે.'' ગુરુ ચાણક્ય તેને નજીકમાં નગરના સૈન્યની સૈનિક શિબિર હતી ત્યાં લઇ ગયા અને કહ્યું, ''શિષ્ય, તારે દસ દિવસ સુધી રોજ સવારે અહીં આવીને સૈનિકો શું કરે છે, કેવી રીતે કરે છે તે બધાનું અવલોકન કરીને નોંધ બનાવવાની છે. પછી આપણે વાત કરીશું.'' શિષ્ય ગુરુજીએ કહ્યું તેમ રોજ સવારે સૈન્ય શિબિરમાં પહોંચી જઈને તેમનાં કાર્યોનું અવલોકન કરતો અને નોંધ બનાવતો, ચોથા દિવસે તેને સમજાયું કે છેલ્લા ચાર દિવસથી સૈન્ય શિબિરમાં બધું જ એક જ સમયે એક જ રીતે થતું હતું. કોઈ કામમાં કોઈ ફેરફાર ન હતો.એક સમયે ઊઠવું ,નક્કી કરેલ સમયે કસરત ,નાસ્તો ,નક્કી કરેલ સમયે



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

સૈન્ય અભ્યાસ, કોઈ એક મિનીટ પણ મોડું પડે તો સજા વગેરે વગેરે .... આજે પાંચમો દિવસ હતો અને બહુ વરસાદ આવી રહ્યો હતો છતાં સૈન્ય શિબિરના કાર્યક્રમમાં કોઈ ફેરફાર ન હતો. વરસતા વરસાદમાં કસરત અને સૈન્ય અભ્યાસ ચાલુ જ હતો.આમ દસ દિવસ સુધી શિષ્યે જોયું. સૈન્ય શિબિરમાં રોજ દરેક સૈનિક એકસરખો અભ્યાસ અને બીજાં કામ સમયસર કરતા હતા, તેમાં કોઈ પણ કારણસર કોઈ ફેરફાર થતો ન હતો.

દસ દિવસની નોંધ તૈયાર કરીને શિષ્ય અગિયારમા દિવસે સવારે ગુરુ ચાણક્ય પાસે પહોંચી ગયો અને પોતાની નોંધ બતાવતાં કહ્યું, ''ગુરુજી, તેઓ રોજ એકસરખો કોઈ ફેરફાર વિનાનો અભ્યાસ કરે છે. બધું જ એકસરખું રાબેતા મુજબ કોઈ ફરક જ નથી થતો.'' આચાર્ય ચાણક્યે કહ્યું, ''આ જ તો સફળતાનો મજબૂત પાયો છે. યુદ્ધના સમયે કેવળ તન અને મનની તાકાત નહિ પણ કડક શિસ્ત બહુ ઉપયોગી સાબિત થાય છે.'' શિષ્યે કહ્યું, ''ગુરુજી, પણ તેમને યુદ્ધ લડવાનું છે. મારે તો યુદ્ધમાં નહિ જીવનમાં સફળ થવું છે તે માટે શું જરૂરી છે.'' આચાર્ય ચાણક્ય બોલ્યા, ''વત્સ, જીવન પણ એક યુદ્ધ જ છે ને જીવનમાં શિસ્ત તને સાચી સફળતા અપાવશે.પ્રતિભા અને આવડત શરૂઆતમાં આગળ લઇ જશે પણ જો તેમાં શિસ્ત નહિ હોય તો સફળતાની મંઝિલ નહિ મળે તે યાદ રાખજે.જે જીવનમાં શિસ્તનું પાલન કરે છે તેને આગળ વધતાં કોઈ રોકી શકતું નથી.'' આચાર્ય ચાણક્યે સફળતાનો મુખ્ય આધાર સમજાવ્યો.

# અમેરિકાની નવી વિઝા નીતિ: શું ભારતીયો માટે અમેરિકન ડ્રીમ બદલાઈ રહ્યું છે?

છેલ્લાં ત્રીસ વર્ષથી ભારતમાં એક વિચાર ખૂબ મજબૂત હતો- સારી રીતે ભણો, એન્જિનિયરિંગ કે મેડિકલ કરો અથવા ITમાં કારકિર્દી બનાવો, પછી અમેરિકા જાઓ અને ડૉલરમાં કમાઓ. આ માત્ર એક સપનું નહોતું પણ સમગ્ર મધ્યમ વર્ગની આર્થિક વ્યૂહરચના હતી. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ અમેરિકાની યુનિવર્સિટીઓમાં પ્રવેશ લેતાં રહ્યાં અને હજારો યુવાનો H-1B વિઝા દ્વારા સિલિકોન વેલી પહોંચ્યાં. એક સમય એવો હતો કે અમેરિકામાં ભારતીય હોવું એટલે પ્રતિભાનું પ્રતીક મનાતું પરંતુ, દુનિયા અને તેની સાથે અમેરિકા પણ બદલાઈ રહ્યું છે. આજે અમેરિકાનો સૌથી મોટો પ્રશ્ન માત્ર ભારત નથી, પરંતુ પોતાનાં નાગરિકોની નોકરીઓનું રક્ષણ, સીમા સુરક્ષા, ગેરકાયદે ઈમિગ્રેશન, આર્થિક સ્પર્ધા, ચીન સામેની હરીફાઈ અને સ્થાનિક મતદારોનો વધતો અસંતોષ છે.

જ્યારે અમેરિકા પોતાની ઈમિગ્રેશન નીતિ બદલે છે ત્યારે તેની સીધી અસર અમદાવાદ, રાજકોટ, સુરત, હૈદરાબાદ અને બેંગલુરુ જેવાં શહેરો પર પડે છે કારણ કે લાખો ભારતીય પરિવારોનું ભવિષ્ય આની સાથે જોડાયેલું છે. આનો અર્થ એ નથી કે અમેરિકા ભારતીય પ્રતિભાની વિરુદ્ધ છે; હકીકતમાં, તે પોતાની આંતરિક રાજનીતિ અને આર્થિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નીતિઓને ફરી ગોઠવી રહ્યું છે. આજના સમયમાં આ માત્ર વિઝાની ચર્ચા નથી, પણ વૈશ્વિક 'ટેલેન્ટ વૉર'ની ચર્ચા છે, જ્યાં દેશો શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો, ડૉક્ટરો અને AI એન્જિનિયર્સ ઈચ્છે છે, સાથેસાથે સ્થાનિક સ્તરે નોકરીઓનું રક્ષણ પણ કરવા માગે છે.

ઘણાં લોકો માને છે કે H-1B



### વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**આનો અર્થ એ નથી કે અમેરિકા ભારતીય પ્રતિભાની વિરુદ્ધ છે; હકીકતમાં, તે પોતાની આંતરિક રાજનીતિ અને આર્થિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નીતિઓને ફરી ગોઠવી રહ્યું છે**

એ અમેરિકા જવાની એકમાત્ર ટિકિટ છે, પરંતુ હકીકતમાં તે અમેરિકાના શ્રમબજારની જરૂરિયાત માટે બનાવાયેલો એક વર્ક વિઝા છે. જો કે, હવે માત્ર નીતિઓ જ નહીં પરંતુ નોકરીનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. AI સમગ્ર જૉબ માર્કેટને ફરીથી લખી રહ્યું છે. જે કામ માટે પહેલાં દસ લોકોની જરૂર પડતી હતી, તે આજે ઓછી સંખ્યામાં અને AIની મદદથી થઈ શકે છે. આગામી દાયકામાં માત્ર કોડિંગ આવડવું પૂરતું નહીં હોય, પરંતુ પ્રૉબ્લેમ સૉલ્વિંગ, ઈનોવેશન અને સતત નવી કુશળતા શીખવાની તૈયારી જ તમારો સાચો વિઝા બનશે. અગાઉ વિદ્યાર્થીઓ પરિવારની બચત કે લોન લઈને ભણવા જતાં કારણ કે ડોલરમાં કમાણીનું ગણિત સરળ હતું. હવે સ્પર્ધા વધી છે. તેથી, વિદ્યાર્થીઓએ માત્ર યુનિવર્સિટી નહીં પરંતુ વિષય, ભવિષ્યની માંગ અને વૈશ્વિક સ્તરે ડિગ્રીની ઉપયોગિતા તપાસવી જરૂરી છે. આજે માત્ર અમેરિકા જ નહીં, પરંતુ કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની, નેધરલેન્ડ્સ, જાપાન અને મિડલ ઈસ્ટ પણ નવા અવસરો ખોલી રહ્યા છે. સૌથી મોટી વાત એ છે કે ભારત પોતે વૈશ્વિક પ્રતિભાનું કેન્દ્ર બની રહ્યું છે. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs), AI રિસર્ચ લેબ્સ અને સેમિકન્ડક્ટર ડિઝાઈન સેન્ટર્સ ભારતમાં ઊભાં થઈ રહ્યાં છે.

આ બદલાતા સમયમાં યુવાનોએ પોતાની વિચારસરણી બદલવાની જરૂર છે. માત્ર ડિગ્રી પાછળ દોડવાને બદલે મજબૂત સ્કિલ્સ પણ બનાવવી જોઈએ. AIથી ડરવાને બદલે AI સાથે કામ કરવાનું શીખવું જોઈએ. તમારું આખું ભવિષ્ય એક જ દેશ પર આધારિત ન રાખો. યુવાનો વિદેશ જઈને અનુભવ મેળવે પણ જરૂર પડ્યે ભારત જેવા વિકાસશીલ દેશમાં પણ યોગદાન આપવાની તૈયારી રાખવી પડશે. એક વાત યાદ રાખો, વિઝા સરકાર આપે છે, પણ તમારી વેલ્યુ તમે જાતે બનાવો છો. અમેરિકન ડ્રીમ સમાપ્ત નથી થયું, તે બદલાઈ રહ્યું છે. હવે કર્મચારીઓ કરતાં પ્રૉબ્લેમ સૉલ્વર્સ અને માત્ર પ્રોગ્રામર્સ કરતાં AI આર્કિટેક્ટ્સની જરૂર છે. જો ભારત પોતાની શિક્ષણ વ્યવસ્થા અને રિસર્ચ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવે, તો 'બ્રેઈન ડ્રેઈન'ને 'બ્રેઈન ગેઈન'માં ફેરવી શકાય. યાદ રાખો: દેશો, સરકારો અને વિઝા નીતિઓ બદલાય છે, પરંતુ પ્રતિભાની કિંમત ક્યારેય ઘટતી નથી. વિઝા કરતાં મોટું હંમેશાં તમારું વિઝન હોય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# સત્તાનો અહંકાર અને અસહમતિનો વિરોધ

'કોઈ દેશનાં મહાન નાગરિકો તે નથી હોતાં જે સત્તા સામે ઘૂંટણ ટેકવે છે, પરંતુ તે હોય છે જે જો જરૂર પડે તો સત્તાની વિરુદ્ધ જઈને પણ દેશના સન્માન અને સ્વતંત્રતા માટે અડગ રહે છે.' – આલ્બર્ટ કામુ

પ્રખ્યાત બ્રિટિશ ઈતિહાસકાર એ. જે. પી. ટેલરે આધુનિક જર્મની, આધુનિક બ્રિટન અને બે વિશ્વયુદ્ધો પર મહત્ત્વના ગ્રંથો લખ્યા, સાથે જ મીડિયા ક્ષેત્રના અગ્રણી લોર્ડ બીવરબ્રુકનું જીવનચરિત્ર પણ લખ્યું. છતાં, તેઓ પોતે તેમનાં પુસ્તકોમાં સૌથી શ્રેષ્ઠ 'ધ ટ્રબલ મેકર્સ'ને માનતા હતા, જે બ્રિટનની વિસ્તારવાદી અને સામ્રાજ્યવાદી વિદેશ નીતિઓનો વિરોધ કરનારા બ્રિટિશ આંદોલનકારીઓ/ અસંતોષીઓનો એક અભ્યાસ હતો. ઓક્સફોર્ડના તે સમયના શૈક્ષણિક જગતમાં ટેલર પોતે પણ થોડા 'ટ્રબલ મેકર' (વિદ્રોહી સ્વભાવના) જેવા હતા, જે કદાચ એટલા માટે તેમણે આ પુસ્તક પસંદ કર્યું હોઈ શકે. તેમ છતાં, આ પુસ્તક વાંચવું ખૂબ રસપ્રદ રહે છે, જેનું એક કારણ તેનાં પાત્રોની પસંદગી પણ છે.

એ. જે. પી. ટેલરના આ વિરોધીઓમાં ઓગણીસમી સદીના લિબરલ રાજકારણી જોન બ્રાઈટ પણ સામેલ હતા. બ્રાઈટ–જેમને ઈતિહાસકાર અસા બ્રિગ્સે 'મધ્ય-વિક્ટોરિયન ક્રાંતિકારીવાદના સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ' કહ્યા હતા–એક તેજસ્વી વક્તા હતા. 'હાઉસ ઓફ કોમન્સ'માં આપેલા તેમનાં કેટલાંક ભાષણોએ વિદેશમાં ચાલી રહેલા દેશનાં સૈન્ય અભિયાનો, જેમ કે ૧૮૫૦ના દાયકામાં ક્રિમિયામાં થયેલા યુદ્ધની સખત ટીકા કરી હતી. સરકારી નીતિઓની તેમની આ ટીકાઓએ કન્ઝર્વેટિવ્સને નારાજ કર્યા, જેમણે તેમના પર રાષ્ટ્રનાં હિતો સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો. આ આરોપોનો સામનો કરતા બ્રાઈટે આક્રમક રીતે જવાબ આપ્યો હતો:

'હું તમારામાંથી કોઈનાથી વધારે બિનઅંગ્રેજી કે દેશદ્રોહી કેવી રીતે હોઈ શકું? શું મારો જન્મ આ જ ધરતી પર નથી થયો? શું હું એ જ અંગ્રેજી વંશમાંથી નથી આવતો? શું મારો પરિવાર આ દેશના ભવિષ્ય સાથે અવિભાજ્ય રીતે જોડાયેલો નથી? શું મારી પાસે જે પણ મિલકત છે તે તમારા જેટલી જ આપણા સામાન્ય માતૃભૂમિના સુશાસન પર નિર્ભર નથી? તો પછી કોઈ એક દેશવાસીને, માત્ર એટલા માટે કે તે જાહેર નીતિના પ્રશ્નો પર જુદો અભિપ્રાય ધરાવે છે, એટલે તે-બિનઅંગ્રેજી કે દેશદ્રોહી છે- શું આ ઉચિત છે?'

મેં આ શબ્દો પહેલી વાર ત્રીસ વર્ષ પહેલાં વાંચ્યા હતા. તેણે તરત જ મારા દિલને સ્પર્શી લીધું. કારણ કે,'દેશદ્રોહી' એ દમનકારી વિશેષણ મારા યુવાનીના દિવસોમાં ભારતમાં સર્વત્ર વપરાતું હતું અને તે પણ આપણા દેશના વડા પ્રધાન દ્વારા. ૧૯૭૧માં જંગી બહુમતીથી ચૂંટાયેલા ઈન્દિરા ગાંધી વધુ ને વધુ સરમુખત્યાર બનતાં ગયાં, વિરોધને કચડી નાખ્યો, સરકારી સંસ્થાઓ પર કબજો કર્યો અને કોંગ્રેસ પાર્ટીને એક પારિવારિક પેઢી બનાવી દીધી. જ્યારે આદરણીય સ્વતંત્રતા સેનાની જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં એક લોકપ્રિય આંદોલને તેમની કાર્યશૈલી પર સવાલ ઉઠાવ્યા ત્યારે તેમણે દાવો કર્યો કે તેના નેતાઓ (જેપી સહિત) વિદેશી તાકાતોના હાથની કથપૂતળીઓ છે અને તે બધાને જેલમાં નાખી દીધા.

ભારતીય રાજકીય વિમર્શમાં ઈન્દિરા ગાંધીનું એક માત્ર યોગદાન 'વિદેશી હાથ'નો વિચાર હતો. આ હાથ કયા દેશનો હતો તે નક્કી કરવું મુશ્કેલ હતું. જો કે એવું માની લેવાય છે કે તે ગોરા રંગનો હતો. કટોકટીની જાહેરાતના એક અઠવાડિયા પછી, વડા પ્રધાને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. તેમણે ટિપ્પણી કરી હતી કે, 'વિરોધ પક્ષોનો ઉદ્દેશ સ્પષ્ટ હતો; સરકાર અને તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને ઠપ કરી દેવી અને આ રીતે રાષ્ટ્રની 'લાશ' પર ચઢીને સત્તા સુધી પહોંચવું. સ્થિતિ એટલી હદે વણસી ચૂકી હતી કે જો વધુ કોઈ પગલાં લેવાયાં હોત તો દેશના ટુકડા થઈ ગયા હોત, જેણે આપણને વિદેશી ખતરા સામે ખુલ્લા પાડી દીધા હોત.

આ માનસિકતાનું તાજેતરનું ઉદાહરણ સંઘ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર કરવામાં આવેલા હુમલા છે. આ આંદોલનકારીઓ, અહિંસક રીતે અને વ્યક્તિગત જોખમ ઉઠાવીને, રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર તરફ ધ્યાન દોરી રહ્યાં હતાં. આમ છતાં એવો દાવો કરવામાં આવ્યો (સામાન્ય રીતે કોઈ પણ પુરાવા વિના) કે સહભાગીઓ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા હતા અથવા અજ્ઞાત તાકાતો દ્વારા ભંડોળ મેળવી રહ્યાં હતાં, જેઓ ભારતને તોડવા માટે કટિબદ્ધ હતાં.

સંઘ પરિવારના અતિ-રાષ્ટ્રવાદીઓ ભારતીયોને બે વર્ગોમાં વિભાજિત કરે છે. વ્યક્તિ કાં તો 'દેશભક્ત' છે અથવા 'દેશદ્રોહી' છે. સત્તામાં રહેલી સરકારનાં સમર્થકો પ્રથમ શ્રેણીમાં આવે છે; જેઓ અસહમતિ દર્શાવે છે, ભલે તેઓ માત્ર ક્યારેક અને હળવાશથી જ તે કરતા હોય, તેમને બીજી શ્રેણીમાં મૂકવામાં આવે છે.

વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં 'દેશદ્રોહી' શબ્દનું પોકળપણું સાવ સ્પષ્ટ દેખાય છે. 'હિમાલ'માં પોતાના એક તાજેતરના લેખમાં નેહા દીક્ષિતે એક યુવાન સહભાગી, ઉત્તરપ્રદેશની એક વિદ્યાર્થિનીને ટાંકીને લખ્યું છે કે, જ્યારે તે મોટી થઈ રહી હતી ત્યારે તેણે સાંભળ્યું હતું કે 'જે લોકો ભારત સરકાર વિરુદ્ધ બોલે છે તેઓ 'દેશદ્રોહી' છે', પરંતુ પરીક્ષાના પેપર લીક અને સત્તાધારી પક્ષ દ્વારા તેને છુપાવવાના પ્રયાસોએ તેને બતાવી દીધું કે આંદોલનકારીઓ

### સમયાંતર
રામચંદ્ર ગુહા

**સ્થિતિ એટલી હદે વણસી ચૂકી હતી કે જો વધુ કોઈ પગલાં લેવાયાં હોત તો દેશના ટુકડા થઈ ગયા હોત, જેણે આપણને વિદેશી ખતરા સામે ખુલ્લા પાડી દીધા હોત**

નહીં, પરંતુ ભારત સરકાર પોતે જ દેશદ્રોહી છે.'

દેશમાં અત્યારે જોવા મળેલા વિદ્યાર્થીઓના આંદોલનની એક ખાસિયત સરકારની મજાક ઉડાવવા માટે સત્યાગ્રહ અને કટાક્ષ (સાહિત્યિક વ્યંગ)નો ઉપયોગ હતી. ભલે આંદોલનકારીઓ જાણતાં ન હોય, પરંતુ તેમનાં આ કટાક્ષયુક્ત વિરોધનાં આદરણીય પૂર્વઉદાહરણો હાજર છે. જ્યારે ઈન્દિરા ગાંધીએ પહેલી વાર વિપક્ષી નેતાઓ પર વિદેશી તાકાતોના દલાલ હોવાનો આરોપ લગાવ્યો, ત્યારે સ્વતંત્ર પાર્ટીના સંસદસભ્ય પીલુ મોદી એક દિવસ લોકસભામાં ગળામાં એક પ્લૅકાર્ડ લટકાવીને આવ્યા હતા, જેના પર લખ્યું હતું, 'હું સીઆઈએનો એજન્ટ છું'. દાયકાઓ પછી, મહાન નાટકકાર ગિરીશ કર્નાડે મોદી સરકારના વધતા જતા બહુમતીવાદના વિરોધમાં બેંગલુરુમાં યોજાયેલી એક જાહેર સભામાં પોતાના ગળામાં પ્લૅકાર્ડ લટકાવીને જોડાયા હતા જેના પર લખ્યું હતું, 'હું અર્બન નક્સલ છું'. વિદ્યાર્થી આંદોલનકારીઓએ આ પરંપરાને માત્ર પોતાના શબ્દો અને સરકારની મજાક ઉડાવતાં ચિત્રો દ્વારા જ નહીં, પરંતુ પોતાને 'કોકરોચ' તરીકે ઓળખાવીને વધુ આગળ ધપાવી અને ઊંડી બનાવી છે અને આ રીતે ભારતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા અપમાનજનક રીતે વપરાયેલા શબ્દને ગર્વથી અપનાવ્યો છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રવાદના મહાન આઈરિશ મૂળના વિદ્વાન બેનેડિક્ટ એન્ડરસને એક વાર લખ્યું હતું કે, 'કોઈ પણ વ્યક્તિ સાચો રાષ્ટ્રવાદી ન હોઈ શકે, જો તે પોતાના દેશ કે સરકાર દ્વારા કરવામાં આવેલા અપરાધો- જેમાં પોતાનાં જ નાગરિકો સામે કરવામાં આવેલા ગુના પણ સામેલ છે- પણ શરમ અનુભવવામાં અસમર્થ હોય.' આ વિચાર સાથે ગાંધી અને આંબેડકર બંને સંમત થયા હોત. બંનેએ સ્વીકાર્યું હતું કે, ભારત ઊંડી અને વ્યાપક અસમાનતાઓથી વિષમ બનેલું હતું, જેને દેશ બ્રિટિશ શાસનથી મુક્ત થાય તે પહેલાં પણ આ સમસ્યાઓને ઉકેલવાની જરૂર હતી. ખાસ કરીને, તેઓ મહિલાઓ અને નીચલી જાતિઓ પ્રત્યેના ભેદભાવથી વ્યથિત હતા અને તેને દૂર કરવા માટે દૃઢ નિશ્ચયથી કામ કર્યું હતું. જ્યારે ભારત આખરે સ્વતંત્ર થયું અને તેણે પોતાનું એક રાજ્ય પ્રાપ્ત કર્યું, ત્યારે તેણે એક બંધારણ અપનાવ્યું જેણે જાતિ અને લિંગ ભેદભાવ નાબૂદ કર્યા. છતાં, વ્યવહારમાં નીચલી જાતિઓ અને મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ ચાલુ છે. એક રાષ્ટ્રવાદીએ આના પર શરમ અનુભવવી જોઈએ, રાજ્યનાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવતા માનવ અધિકારોના ઉલ્લંઘન પર પણ શરમ અનુભવવી જોઈએ અને નોકરશાહો અને રાજકારણીઓના ભ્રષ્ટાચાર અને બદમાશી પર પણ શરમ અનુભવવી જોઈએ, જે વારંવાર થાય છે અને જેને ઘણી વાર ચલાવી લેવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ શબ્દો અથવા જાહેરમાં વિરોધ પ્રદર્શન દ્વારા શરમ વ્યક્ત કરે છે, તો તે પોતાના રાષ્ટ્રને તેના વધુ સારા અથવા વધુ ઉમદા સ્વરૂપ તરફ જવાની કોશિશ કરી રહ્યો છે. ઉત્તર પ્રદેશની તે વિદ્યાર્થિની એકદમ સાચી હતી. તે અને તેના સાથીઓ જ સાચા રાષ્ટ્રવાદીઓ હતા અને છે. ગાંધી, આંબેડકર અને જયપ્રકાશ નારાયણ, જોન બ્રાઈટની તો વાત જ શું કરવી, તેમના પર ગર્વ અનુભવ્યો હોત.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

### જેન ઝી સાથે સંવાદની હાકલ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર્વેસર્વા શ્રી મોહન ભાગવતજી જેન ઝી પર આફરીન થઈ ગયા છે. મુંબઈ ખાતે અંદાજે 2000 જેટલા જેન ઝી ને ઉદ્બોધન કરતાં એમણે જણાવ્યું હતું કે જેન ઝી એ આંદોલન કરવું જોઈએ. લોકશાહીમાં આંદોલન કેવી રીતે કરવું જોઈએ એના રસ્તા પણ તેમણે બતાવ્યા હતા. આજે જેન ઝી જ્યારે પ્રશ્ન પૂછે છે ત્યારે એમને લોજિકલ જવાબ આપવો જોઈએ અને એમની સાથે પ્રેમપૂર્વક વ્યવહારની પણ જરૂર છે. સાંસદ કંગના રનૌતનું પણ હૃદય પરિવર્તન થતાં તેમણે પણ જેન ઝી ને દેશનો વારસો ગણાવ્યો છે. જેન ઝી યુવાનો ભારતની સંસ્કૃતિના બ્રાન્ડ એમ્બેસેડર બનીને ઉભરી રહ્યા છે એવું કંગનાએ જણાવ્યું છે. જેન ઝી સુધી પહોંચવા માટે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ અભિયાન શરૂ કરવામાં આવનાર છે. સંઘ પ્રમુખે યુવાનોને જૂની પેઢી કરતાં વધુ પ્રામાણિક અને રાષ્ટ્રભક્ત ગણાવ્યા હતા. લોકશાહીમાં સંવાદની ભૂમિકા રચાય એ લોકશાહી દેશ માટે ખૂબ જ જરૂરી છે એ વાત પર એમણે ખાસ ભાર મૂક્યો હતો. જેન ઝી આંદોલનનું દરેક વ્યક્તિ પોતપોતાની રીતે મૂલ્યાંકન કરે છે ત્યારે આર.એસ. એસ.ના વડાએ યુવાનોના પ્રશ્નો અને આંદોલનની પદ્ધતિ સંદર્ભે ચર્ચા શરૂ કરી છે તે સમયસરની છે. જાહેર જનતાને પણ એમનું આ વલણ પસંદ આવ્યું છે.

**નવસારી** - ડૉ. જે. એમ. નાયક

### ક્યા બોલતી પબ્લિક?

કોકરોચ જનતા પાર્ટીએ જંતરમંતર પર આરંભ કરેલ આંદોલન યુવા શકિત (Gen Z) ના ઐતિહાસિક સમર્થન થકી યોગ્ય દિશામાં ગતિમાન થયું હોવાનું પુરવાર થાય છે, જે એક લોકશાહી દેશમાં નાગરિકોના પ્રતિનિધિઓ ગણાતા નેતાઓ માટે આત્મચિંતન કરવા પ્રેરિત કરે છે.કોકરોચ જનતા પાર્ટીએ દેશની અવિશ્વસનીય બનતી જતી લોકશાહીને વધુ વિશ્વસનીય બનાવવા એક (બિન રાજકીય સંગઠન)ની હેસિયતથી સરકારી તંત્રમાં રહેલી ખામીઓ વિરુદ્ધ સરકારને જવાબદાર ઠેરવી નાગરિકોને થતા અન્યાય સામે પડકાર ફેંકનાર તરીકે એક નવીન ઊર્જાનું નિર્માણ કરી ખાસ કરીને યુવા જાગૃતિને પ્રોત્સાહિત કરવાનું સરાહનીય કાર્ય દેશ માટે કર્યું હોવાનું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. દેશના રાજકીય પક્ષો ઉપર રાજકીય દબાણ હંમેશા બની રહે તેવા આશયથી કોકરોચ જનતા પાર્ટીના મુખ્ય સૂત્રધારોએ સપ્ટેમ્બર માસ ૨૦૨૬ ના વર્ષથી દેશવ્યાપી ઝુંબેશ ' ક્યા બોલતી પબ્લિક ' ના નામે એક સંગઠનની રચના કરી તેનો પ્રસાર શરૂ કરવા આહ્વાન આપ્યું છે તે હવે કેટલી અને કેવી સફળતા મેળવી શકશે તે સમય કહેશે! આ સંગઠનને કલંકિત અને બિનલોકતાંત્રિક જાહેર કરવાની એક પણ તક દેશના તમામ રાજકીય પક્ષો ચૂકશે નહીં તે પણ એક સત્ય હકીકત પુરવાર થવાની પૂરી શક્યતા રહેશે. લોકશાહી જીવંત રહે એવી અપેક્ષા.

**સુરત** - પ્રફુલ્લ એમ. ઝવેરી

### પહેલાં મફત, પછી ચાર્જની નીતિ?

ભારતમાં UPIએ ડિજિટલ ચુકવણીમાં ક્રાંતિ લાવી છે. આજે નાના વેપારીથી લઈને મોટા ઉદ્યોગો સુધી કરોડો લોકો UPI પર નિર્ભર છે. તેની સફળતાનું સૌથી મોટું કારણ હતું–ઝડપ, સરળતા અને લગભગ શૂન્ય ખર્ચ. હવે સરકારે કાયદામાં એવો ફેરફાર કર્યો છે કે ભવિષ્યમાં ચોક્કસ પ્રકારના UPI વ્યવહારો પર Merchant Discount Rate લાગુ કરવાની જોગવાઈ શક્ય બની છે. સરકાર અને RBIનું કહેવું છે કે આટલી મોટી ડિજિટલ વ્યવસ્થાને ચલાવવા માટે ખર્ચ થાય છે અને તેને લાંબા ગાળે ટકાઉ બનાવવી જરૂરી છે. સરકારનું કહેવું છે કે UPI ચલાવવામાં ખર્ચ થાય છે. તો પ્રશ્ન એ છે–શું UPI જેવી જાહેર ડિજિટલ સુવિધાનો ખર્ચ બેંકો, સરકાર અને મોટા વ્યાપારી પ્લેટફોર્મ મળીને ઉઠાવી ન શકે? આખો ભાર વેપારીઓ અને અંતે સામાન્ય ગ્રાહકો પર જ કેમ આવે? આજે કહેવામાં આવે છે કે MDR માત્ર મોટા વેપારીઓ માટે હશે અને P2P વ્યવહારો મફત રહેશે. પરંતુ શું આ કાયમી કાનૂની ગેરંટી છે? કે પછી ભવિષ્યમાં તેની મર્યાદા ઘટશે, નાના વેપારીઓ અને અંતે સામાન્ય નાગરિકો પણ તેના દાયરામાં આવશે? આ પ્રશ્નોના જવાબ આજે કોઈ પાસે નથી. UPI ભારતની ટેક્નોલોજીકલ સફળતા જ નહીં, પરંતુ લોકોના વિશ્વાસની પણ સફળતા છે. તેથી સરકારે પારદર્શિતા, સંસદીય ચર્ચા અને સ્પષ્ટ કાનૂની સુરક્ષા સાથે આગળ વધવું જોઈએ, જેથી ભવિષ્યમાં આજે મોટા વેપારીઓ... કાલે બધા જેવી આશંકાઓ ઊભી ન થાય.

**સુરત** - નિલેશ ચૌહાણ

### જ્યાં જરૂર હોય ત્યાં જ ટેક્નોલોજીનો ઉપયોગ કરો

ભારત દેશમાં માનવશક્તિ એટલી બધી છે કે અમુક કામોમાં તો માનસિક અને શારીરિક શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. હાલમાં ડિજીટલ અને AI નો યુગ ચાલી રહ્યો છે. કોઈ પણ માહિતી તાત્કાલિક મેળવી શકાય છે. પરંતુ આ બાબત માનવ રોજગારી ઘટાડશે. જ્યાં જરૂર હોય ત્યાં જ ટેક્નોલોજીનો ઉપયોગ કરો. મોટા મોટા પુલ, રસ્તા, વગેરે બનાવવા ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. હજુ પણ દેશમાં કેટલાંક સ્થળોએ ડ્રેનેજ લાઇન સાફ કરવાનું કાર્ય વ્યક્તિઓ દ્વારા કરાવવામાં આવે છે. ગટરમાં ઉતરવાના કારણે ગંભીર અકસ્માત અને માનવમૃત્યુ થયાના કિસ્સાઓ નોંધાયા છે,જેથી માનવ મૃત્યુ નિવારી શકાય.તારીખ 7-8-2026 'ગુજરાતમિત્ર' દૈનિક અખબાર તંત્રીલેખમાં જણાવ્યા મુજબ અદાલતોમાં AI ના ઉપયોગમાં ગંભીર ભયસ્થાનો રહેલાં છે શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા લેખમાં વિગતે છણાવટ કરી છે. હાલના સમયમાં મોબાઈલ ફોન પર દરેક કામો થઈ શકે છે પરંતુ જે કામમાં માનવીના મૃત્યુનું જોખમ રહેલું છે ત્યાં જરૂર ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. કેમ કે ટેક્નોલોજી વિકસાવવાનું કામ માનવીએ કર્યું,એવું ન બને કે ટેક્નોલોજી માનવીની રોજગારીમાં અવરોધ પેદા કરે કે માનવીને પાંગળો બનાવી દે. માટે જ્યાં જરૂર હોય ત્યાં જ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.

**સુરત** - ચન્દ્રકાન્ત રાણા

### પ્રાચીન, પારંપરિક અને આજનું આધુનિક શિક્ષણ

પ્રાચીન અને પારંપરિક સમયનું શિક્ષણ અને આજનું આધુનિક શિક્ષણ–આ બંને વચ્ચે જમીન-આસમાનનો તફાવત આવી ગયો છે. શિક્ષણ પદ્ધતિ, શિસ્ત, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો અને મૂલ્યાંકન પ્રક્રિયામાં આવેલાં પરિવર્તનોએ આજના શિક્ષણનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલી નાખ્યું છે.પહેલાંના સમયમાં શિક્ષકનું સ્થાન પૂજનીય અને સર્વોપરી હતું. વર્ગખંડમાં કડક શિસ્ત પાળવામાં આવતી. જો બાળકના વર્તન કે ભણતરમાં ભૂલ થાય તો શિક્ષક તેને ટકોરતાં અને માતા-પિતા પણ શિક્ષકના નિર્ણયને માન આપતા. આજની પરિસ્થિતિ: શિક્ષણના અધિકાર (RTE) અંતર્ગત અમલમાં આવેલી 'નો ડિટેન્શન પોલિસી'ને કારણે બાળકોમાં પરીક્ષા અને અભ્યાસનો ભય કે ગંભીરતા ઘટી ગઈ છે. બાળક ભણે કે ન ભણે, તેને આગલા ધોરણમાં જવાનું જ છે તેવી માનસિકતા ઊભી થાય છે.

પરિણામે, જ્યારે બાળક ધોરણ ૯ કે ૧૦ માં પહોંચે છે ત્યારે તેનો પાયો કાચો રહી જાય છે. આ નીતિના કારણે કેટલાંક બાળકોનું શૈક્ષણિક ભવિષ્ય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ટકી રહેવાની ક્ષમતા પર વિપરીત અસર પડી છે.પહેલાંનું શિક્ષણ: અભ્યાસ મુખ્યત્વે પુસ્તકો, વાચન અને શિક્ષકના વ્યાખ્યાન પર આધારિત હતો. બાળકોમાં ધ્યાન, યાદશક્તિ અને એકાગ્રતા વધુ જોવા મળતી.આજનું શિક્ષણ: શિક્ષણ ડિજિટલ, દૃશ્ય-શ્રાવ્ય અને પ્રોજેક્ટ આધારિત બન્યું છે. માહિતી મેળવવી સરળ થઈ છે, પરંતુ તેની સાથે બાળકોમાં આત્મચિંતન અને ઊંડા અભ્યાસની ટેવ ઓછી થઈ છે.

**ભરૂચ** -- રાજ હેતલસિંહ